## *Matushri Virbaima Mahila Science & Home Science College Rajkot.*

---

# લેબ આસિસ્ટન્ટની ભરતી માટેની અગત્યની સૂચનાઓ

(૧) નોંધ :

1) અનામત વર્ગના ઉમેદવારો બિન- અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામત ધોરણો લાગુ પડશે.

2) ઉમેદવાર સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક :
સી.આર.આર/૧૦૨૦૦૦/જીઓઆર/ગ-૨ ના ઠરાવની જોગવાઈ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતાની ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતા હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલા નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ/સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં)

3) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને ભૂમિ (સ્થળ) ની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જબુક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટાછાટ મળશે.

(૨) રાષ્ટ્રીયતા:

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ- ૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

(૩) (૧) વય મર્યાદા:-

1) ઉંમર જાહેરાતમાં દર્શાવલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

2) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતો વખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિષમો-૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે.

### (૩) (૨) વથમર્યાદામાં છૂટછાટ:-

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

અનામત વર્ગના ઉમેદવારોનો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહી.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મતિયા ઉમેદવારોને(૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| માજી સૈનિકઉમેદવારોને | - | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજના સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. |

### (૪) કોમ્પ્યુટની જાણકારી:-

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગુ.૫-થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાના પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટરજ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમાં / ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમાં અભ્યાસક્રમમાં

કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થરો નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી "રદ" કરશે.

**(૫) શૈક્ષણિક લાયકાત:-**

1) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈ પણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાંટ કમિશન અધિનિયમ-૧૯૫૬ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **BSc (Chemistry)** સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ.
2) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.
3) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

**(૬) પરીક્ષા ફી :-**

સામાન્ય વહીવટ િવભાગના તા.૩૧/૦૧/૨૦૨૪ ના પત્રમાં થયેલ જોગવાઈ મુજબ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અનુસાર લેવામાં આવતી આ બંને બિન અનામત જગ્યાની સીધી ભરતીની પરીક્ષા માટે પરીક્ષા ફી નું ધોરણ નીચે મુજબનું રહેશે.

| **પરીક્ષા ફી નું ધોરણ** | | |
|---|---|---|
| | બિન અનામત વર્ગ | અનામત વર્ગ<br>(તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ.વર્ગ, અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, આ.ન.વર્ગ, દિવ્યાંગ અને એક્સ સિવર્સમેન ઉમેદવારો) |
| પ્રાથમિક પરીક્ષા | રૂ. ૫૦૦/- | રૂ. ૪૦૦/- |
| પરીક્ષામાં ઉપિસ્થત રહેનાર ઉમેદવારોને પરીક્ષા ફી પરત મળવાપાત્ર રહેશે. | | |

**(૭) પરીક્ષા પદ્ધતિ:-**

રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત /૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પધ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં MCQ પધ્ધિતથી સ્પધાર્ત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે. આ જગા માટે અરજી કરનાર ઉમેદવારોની સંખ્યાના આધારે એક સેશન અથવા મલ્ટી સેશનમાં લેવામાં આવશે. મલ્ટી સેશનમાં પરીક્ષા યોજવાના સંજોગોમાં યોગ્ય સ્કેલીંગ પધ્ધતિથી મુલ્યાંકન કરવામાં આવશે. પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષિણક લાયકાતને સમકક્ષ રહેશે).

**<u>Part – A</u>**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતિક કસોટીઓ | ૩૦ |
| | **કુલ ગુણ** | **૬૦** |

**<u>Part – B</u>**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતનું બંધારણ, વતર્માન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | **કુલ ગુણ** | **૧૫૦** |

**નોંધઃ અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષિણક લાયકાત મુજબ રહેશે.**

1) Part-A માં કુલ ૬૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. Part-A અને Part-B બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.
2) Part-A અને Part-B નું સ્વતંત્ર (અલાયદું) Qualifying Standard રહેશે.
3) સ્પધાર્ત્મક પરીક્ષાના Part-A માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% અને Part-B માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં કોઇપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માકર્સ કરતાં ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં. પરીક્ષાના Part-A અને Part-B માં ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) મેંળવીને

કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બેગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે સંસ્થા દ્વારા લાયક (કવોલીફાય) ગણવામાં આવશે.

4) જે તે સંવગી જાહેરાત અન્વયે સંસ્થા ધ્વારા તે સંવગર્ની MCQ પધ્ધિતથી સ્પધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે.

5) M.C.Q. પધ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રમને ફાળવેલ માકના 1/4 માર્ક્સ ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કિંગ પધ્ધતિ અપનાવવામાં આવશે.

(6) કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.

(૮) સામાન્ય સૂચનાઓ:-

1) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે "રદ" ગણવામાં આવશે.

2) ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો અપલોડ કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.)

3) ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે ભરતી સંબંધેની તમામ સૂચનાઓ કોલેજની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. https://mvmschsc.org.in અચૂક જોતા રહેવું. જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારને મોબાઈલ નંબર પર આપવામાં આવશે.

4) ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતાં પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંચાલક મંડળ "રદ' કરી શકરો તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, સંચાલક મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈ પણ તબકકે "રદ" કરવામાં આવશે.

5) સંચાલક મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હકક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ

રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય અને ત્યારબાદ સરકારશ્રીની પૂર્વ મંજુરી મળ્યા બાદ જ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.

6) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

7) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

8) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતીના નિયમોને આધિન રહેશે.

9) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહેશે.

10) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

તારીખ:-

સ્થળ:- **રાજકોટ.**

**સેક્રેટરીશ્રી**
**શ્રી જલારામ ઉચ્ચ કેળવણી મંડળ**
**રાજકોટ.**

**આચાર્ય**
**માતુશ્રી વિરબાઇમા મહિલા સાયન્સ એન્ડ હોમસાયન્સ કોલેજ**
**રાજકોટ.**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

જાહેરાત ક્રમાંક : ૨૪૧/૨૦૨૪૨૫ની સ્પર્ધાત્મક કસોટીનો વિગતવાર અભ્યાસક્રમ અંગેની અગત્યની સૂચના

## લેબોરેટરી આસિસ્ટન્ટ (કેમેસ્ટ્રી) નો અભ્યાસક્રમ

PART: A (60 MARKS)

(1) Reasoning & Data Interpretation (30 Questions, 30 Marks):

1. Problems on Ages
2. Venn Diagram
3. Visual reasoning
4. Blood relation
5. Arithmetic reasoning
6. Data interpretation (charts, graphs, tables)
7. Data sufficiency

(2) Quantitative Aptitude (30 Questions, 30 Marks):

1. Number Systems
2. Simplification and Algebra
3. Arithmetic and Geometric Progression
4. Average
5. Percentage
6. Profit-Loss
7. Ratio and Proportion

8. Partnership

9. Time and Work

10. Time, Speed and Distance

11. Work, Wages and chain rule

**PART: B (150 MARKS)**

**(1) Constitution of India (10 Questions, 10 Marks)**

1. Preamble of the Constitution
2. Fundamental rights
3. Directive principles of state policy
4. Fundamental Duty
5. Power, role and responsibility of President, Vice President and governor
6. Parliamentary system
7. Amendment of Indian Constitution, emergency provisions in Indian Constitution
8. Centre – State Government and their relation
9. Judicial System of Indian Constitution
10. Constitutional body

**(2) Current Affairs (10 Questions, 10 Marks)**

1. Current events of state, national and international importance

**(3) Comprehension (Gujarati {5 marks} & English {5 marks})**

**(10 Questions, 10 Marks)**

1. to assess comprehension, interpretation and inference skills

   *A paragraph given with set of question on the basis of paragraph*

   *Or statement and assertion type question can be asked*

**(4) Questions and Its Applications related to Technical Qualification**

**(120 Questions, 120 Marks)**

1. **Fundamentals of Organic Reactions**: **(05 Questions, 05 Marks)**

   Fission of covalent bond, types of reagents, Substitution Nucleophilic

Unimolecular reaction mechanism (SN1), Substitution Nucleophilic Bimolecular reaction mechanism (SN2), Electrophilic Aromatic Substitution –Elementary treatment only (Nitration, Sulfonation, Halogenation & Friedel-Crafts Alkylation and Acylation).

2. **Alkanes:** (Saturated Hydrocarbons): **(15 Questions, 15 Marks)**

Introduction, IUPAC nomenclature, Reduction of R-X, Woortz's reaction, Hydrolysis of R-Mg-X, Decarboxylation of acid, Kolbe's electrolytic process, Free radical mechanism (Chlorination of Methane).

3. **Alkenes & Alkynes:** (Unsaturated Hydrocarbons)

Introduction, IUPAC nomenclature, Preparations (dehydration, dehalogenation, dehydro halogenation), Reactions with H2, X2, HX, HOCl, H2SO4, and Hydroboration; Oxidation reactions: (i) with cold alkaline KMnO4 (Bayer's reagent), (ii) Oxidative cleavage with acidified or hot KMnO4, (iii) Ozonolysis(O3); Polymerization; Reactions of terminal Acetylenes: (i) Addition of water,(ii) Na / liquid NH3.

4. **Thermodynamics:** **(05 Questions, 05 Marks)**

Zeroth law, first law, Second law of thermodynamics; proof of 2nd law (Carnot's Cycle); Entropy of Gas and calculation of entropy for different processes; Kirchhoff's equation.

5. **Analytical Techniques:** **(05 Questions, 05 Marks)**

Introduction, Types of analysis – Physical, Chemical and instrumentation. Physical analysis – Specific gravity, Melting point, Boiling point, Crystallization, Purification of compounds etc. Chemical analysis – Quantitative and Qualitative analysis of organic and inorganic compounds, Instrumental analysis – Spectroscopic, Chromatographic PH measurement, Conductivity, Turbidity etc.

6. **Atomic structure:** **(05 Questions, 05 Marks)**

Fundamental particles, Rutherford Model of an atom, Nature of electromagnetic radiation, emission spectrum of hydrogen atom, concept of energy levels (orbits). Drawbacks (weaknesses) of Bohr's model, modern concept of structure of atom (elementary idea only) concept of orbits and orbitals, main four quantum numbers, electronic configuration of elements, Aufbau Principle, Pauli's principle, Hund's rule.

7. **Classification of elements and periodicity in properties:** **(05 Questions, 05 Marks)**

The need of classification of elements, the significance of (i) Mendeleev's periodic law (ii) Atomic number and periodic law, present (modern) form of the periodic table. The IUPAC nomenclature for the elements with Z >100, electronic configuration of the elements and periodic table. Types of elements: s, p, d and f block elements, periodic trends in properties; Ionization energy, electron affinity, atomic radii, valency.

8. **Actinides:** **(05 Questions, 05 Marks)**

Electron configuration, Oxidation states, Magnetic properties, Color and absorption spectra of actinide ions, actinide contraction, Nuclear synthesis of trans uranic elements, Chain reaction, importance of Uranium, Comparison with lanthanide.

9. **Organic compounds with functional group containing nitrogen:** **(10 Questions, 10 Marks)**

Nitro compounds: Electronic structure of nitro group, nomenclature, important method of preparation, physical properties and chemical reactions, Amine

compounds: Electronic structure of primary, secondary and tertiary amine group, nomenclature, important method of preparation, physical properties, basic character of amine, chemical reactions; separation of primary, secondary and tertiary amines. Diazonium salt Preparation and chemical reactions of benzene diazonium chloride, importance of diazonium salt in synthetic organic chemistry.

10. **Fundamental of Forensic Science & Basic Principles and significance of Forensic Science.** (15 Questions, 15 Marks)

11. **Nature and Scope of Biochemistry**: (05 Questions, 05 Marks)

What is biochemistry, development of biochemistry, what is biochemical approach, scope of biochemistry, applications of biochemistry, Biochemical literature.

12. **Carbohydrates:** (05 Questions, 05 Marks)

classification, monosaccharide, structures of pentose and hexose's, anomeric carbon, mutarotation, simple chemical reactions of glucose,
**Disaccharides**: reducing and non-reducing sugars-sucrose, maltose and lactose, polysaccharides: elementary idea of structures of starch and cellulose.

13. **Metals, Alloys and Corrosion:** (05 Questions, 05 Marks)

Introduction, Physical properties of metals, Definition and purpose of alloy, Classification of alloys. Alloys Steel and its applications. Non-Ferrous alloys and its industrial applications. Introduction to Corrosion, Theories of corrosion, Protection of metals from corrosion – organic and inorganic materials, Inhibitors, Cathodic protection.

14. **Cements:** (05 Questions, 05 Marks)

Introduction, Classification of cement and properties, chemical composition of cement, Standards, Manufacturing of Portland cement, chemical constituents of Portland cement, Setting and hardening of cement, PCC & RCC.

15. **Polymers:** (05 Questions, 05 Marks)

Classification of polymers, General method of polymerization, addition and condensation, free radical, cationic and anionic polymerization, copolymerization, natural rubber, vulcanization of rubber, synthetic rubbers, (examples of monomer only) condensation polymer, molecular mass of polymers (high lightening level of complexity only), Bio polymers, and biodegradable polymers, some industrially important polymers.

16. **Basics of drugs and formulation analysis:** (15 Questions, 15 Marks)

Weights, balances, importance of analysis, quality control and quality assurance, analytical methods (classification, validation parameters), requirements – chemicals (types, purification, checking purity), glass wares (types, calibration, cleaning), sampling techniques, sampling error minimization. Units of concentrations, Errors science, errors minimization.

17. **Volumetric analysis (Titrimetric analysis):** (05 Questions, 05 Marks)

- **Acid-base titrations**: Relative strength and its effect on titration, common ion effect, pH, Henderson-Hesselbach equation, buffers, neutralization curve, acid base indicators, theory of indicators, back titrations, biphasic titrations, pharmacopoeia applications, hydrolysis of salts, ionic products of water and law of mass action.
- **Redox titrations:** Theory of redox titrations, redox indicators, types of redox titrations, iodometry, cerrimetry, mercurymetry, diazotization, nitrite titrations,

2,6-dichlorophenol indophenol titrations, titration curve and calculations of potentials during course of titrations.

- **Argentometric or precipitation titrations:** Mohrs, Fajans and Volhard methods.
- **Non-aqueous titrations:** Non aqueous solvents, titrants and indicators, Differentiating and levelling solvents.
- **Complexometric titrations:** Theory of the titrations, titrant, indicators and pharmacopoeia applications.

  **Miscellaneous titrations:** Karl-Fischer titrations, Kjeldahl method.

18. **Gravimetric analysis:** (05 Questions, 05 Marks)

Stability, solubility products, types of precipitations, precipitation techniques, pharmacopoeial applications.

**19. Current Trends and Recent Advancements in the Above Fields.**

## વિગતવાર અભ્યાસક્રમ : ગુજરાતીમાં

### ભાગ–અ

**(૧) તાર્કિક કસોટીઓ તથા ડેટા ઇન્ટરપ્રિટેશન** **(૩૦ પ્રશ્નો, ૩૦ ગુણ)**

૧. ઉંમર સંબંધિત પ્રશ્નો
૨. વેન આકૃતિઓ
૩. દ્રશ્ય આધારિત તાર્કિક પ્રશ્નો
૪. લોહીના સંબંધવિષયક પ્રશ્નો
૫. તાર્કિક અંકગણિત
૬. માહિતીનું અર્થઘટન (ચાર્ટ, આલેખ, કોષ્ટક)
૭. માહિતીની પર્યાપ્તતા

**(૨) ગાણિતિક કસોટીઓ** **(૩૦ પ્રશ્નો, ૩૦ ગુણ)**

૧. સંખ્યા પદ્ધતિ
૨. સાદું રૂપ અને બીજગણિત
૩. સમાંતર શ્રેણી અને સમગુણોત્તર શ્રેણી
૪. સરેરાશ
૫. ટકાવારી
૬. નફો–ખોટ
૭. ગુણોત્તર અને પ્રમાણ
૮. ભાગીદારી
૯. સમય અને કાર્ય
૧૦. સમય, ઝડપ અને અંતર
૧૧. કાર્ય, મહેનતાણું અને સાંકળનો નિયમ

### ભાગ–બ **(૧૫૦ ગુણ)**

**(૧) ભારતનું બંધારણ** **(૧૦ પ્રશ્નો, ૧૦ ગુણ)**

૧. બંધારણનું આમુખ
૨. મૂળભૂત હકો
૩. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો
૪. મૂળભૂત ફરજો
૫. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યપાલની સત્તાઓ, ભૂમિકા અને જવાબદારીઓ

૬. સંસદીય પ્રણાલી
૭. ભારતીય બંધારણમાં બંધારણીય સુધારાઓ, ભારતીય બંધારણમાં કટોકટીને લગતી જોગવાઇઓ
૮. કેન્દ્ર – રાજ્ય સરકાર અને તેના સંબંધો
૯. ભારતમાં ન્યાયતંત્ર
૧૦. સંવૈધાનિક સંસ્થાઓ

**(૨) વર્તમાન પ્રવાહો (૧૦ પ્રશ્નો, ૧૦ ગુણ)**

૧. પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્ત્વ ની સાંપ્રત ઘટનાઓ

**(૩) ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રિહેન્શન (૧૦ પ્રશ્નો, ૧૦ ગુણ)**

**(ગુજરાતી {૫ ગુણ} અને અંગ્રેજી {૫ ગુણ})**

૧. સમીક્ષા, અર્થઘટન અને અનુમાનના કૌશલ્યનું મૂલ્યાંકન
ગદ્યખંડ(પેરેગ્રાફ) આપવામાં આવશે અને ગદ્યખંડના આધારે પ્રશ્નો પૂછવામાં આવશે
અથવા નિવેદન પ્રકારના પ્રશ્નો પૂછવામાં આવશે.

**(૪) શૈક્ષણિક લાયકાતને સંબંધિત વિષય અને તેની ઉપયોગિતાને લગતા પ્રશ્નો**

**(૧૨૦ પ્રશ્નો, ૧૨૦ ગુણ)**

1 **કાર્બનિક પ્રતિક્રિયાઓના મૂળભૂત સિદ્ધાંતો:- (૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**
સહસંયોજક બંધનું વિભાજન, પ્રક્રીયકના પ્રકાર, એક આણ્વીય કેન્દ્રાનુરાગી વિસ્થાપન પ્રક્રિયા પદ્ધતિ (SN1), બહુઆણ્વીય કેન્દ્રાનુરાગી વિસ્થાપન પ્રક્રિયા પદ્ધતિ(SN2), ઇલેક્ટ્રોનઅનુરાગી એરોમેટિક વિસ્થાપન– ફક્ત એલિમેન્ટરી ટ્રીટમેન્ટ માટે (નાઈટ્રેશન, સલ્ફોનેશન , હેલોજીનેશન અને ફ્રિડેલ – ક્રાફ્ટ્સ આલ્કાઈલેશન અને એસાઈલેશન )

2 **આલ્કેન્સ :-** (સંતૃપ્ત હાઇડ્રોકાર્બન) **(૧૫ પ્રશ્નો, ૧૫ ગુણ)**
પરિચય, IUPAC નામકરણ, રિડક્શન ઓફ R−X, વૂર્ટ્ઝની પ્રતિક્રિયા, R-Mg-X નું હાઇડ્રોલિસિસ, એસિડનું ડિકાર્બોક્સિલેશન, કોલ્બેની ઇલેક્ટ્રોલિટીક પ્રક્રિયા, મુક્ત મુલક ક્રિયાવિધી (મિથેનનું ક્લોરીનેશન).

3 **આલ્કિન્સ અને આલ્કાઇન્સ :-** (અસંતૃપ્ત હાઇડ્રોકાર્બન)
પરિચય, IUPAC નામકરણ, બનાવટ (ડિહાઇડ્રેશન, ડિહેલોજીનેશન, ડિહાઇડ્રોહેલોજીનેશન), H2, X2, HX, HOCl, H2SO4 અને હાઇડ્રોબોરેશન સાથેની પ્રક્રિયાઓ; ઓક્સિડેશન પ્રક્રિયાઓ: (i) ઠંડા આલ્કલાઇન KMnO4 (બેયર્સ રિએજન્ટ) સાથે, (ii) એસિડિફાઇડ અથવા ગરમ KMnO4 સાથે ઓક્સિડેટિવ ક્લિવેજ, (iii) ઓઝોનોલિસિસ (O3); પોલિમરાઈઝેશન; ટર્મિનલ એસિટિલીન્સની પ્રક્રિયાઓ: (i) પાણીનું ઉમેરણ, (ii) Na / પ્રવાહી NH3.

4 **ઉષ્માગતિશાસ્ત્ર (થર્મોડાયનેમિક્સ):- (૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**
શૂન્યનો નિયમ, પ્રથમ નિયમ, થર્મોડાયનેમિક્સનો બીજો નિયમ; બીજા નિયમનો પુરાવો (કાર્નોટચક્ર);, ગેસની એન્ટ્રોપી અને વિવિધ પ્રક્રિયાઓ માટે એન્ટ્રોપીની ગણતરી; કિર્ચોફનું સમીકરણ.

5 **વિશ્લેષણાત્મક તકનિકો : (૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**
વિશ્લેષણના પ્રકારોનો પરિચય - ભૌતિક, રાસાયણિક અને ઈન્સ્ટ્રુમેન્ટેશન, ભૌતિક વિશ્લેષણ – સ્પેશિફિક ગ્રેવિટી, ગલનબિંદુ, ઉત્કલનબિંદુ, સ્ફટિકીકરણ, સંયોજનોનુ શુદ્ધીકરણ, રાસાયણિક વિશ્લેષણ – કાર્બનિક અને અકાર્બનિક સંયોજનોનું માત્રાત્મક અને ગુણાત્મક વિશ્લેષણ. ઈન્સ્ટ્રુમેન્ટલ એનાલિસિસ - સ્પેક્ટ્રોસ્કોપિક, ક્રોમેટોગ્રાફિક, PH માપન, વાહકતા, ટર્બિડિટી વગેરે

6 **આણ્વીય રચના: (૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**
મૂળભૂત કણો, અણુનું રુથરરફોર્ડ મોડલ, ઇલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશનની પ્રકૃતિ, હાઇડ્રોજન અણુનું ઉત્સર્જન સ્પેક્ટ્રમ, ઊર્જા સ્તરની કલ્પના (ભ્રમણકક્ષા). બોહરના મોડલની ખામીઓ (નબળાઇઓ), અણુની રચનાની આધુનિક ધારણા (ફક્ત પ્રાથમિક વિચાર), ભ્રમણકક્ષા અને ભ્રમણકક્ષાની ધારણા, મુખ્ય ચાર ક્વોન્ટમ સંખ્યાઓ, તત્ત્વો ની ઇલેક્ટ્રોનિક સંરચના, આઓફબાઓનો સિદ્ધાંત,

પાઉલીનો સિદ્ધાંત, હુંડનો નિયમ.

7 **તત્ત્વો નું વર્ગીકરણ અને આવર્તનીય સમાનતા:** **(૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

તત્ત્વો ના વર્ગીકરણની જરૂરિયાત, (i) મેન્ડેલીવનો આવર્તનો નિયમ (ii) અણુ સંખ્યા અને આવર્તનો નિયમ અને આધુનિક આવર્ત કોષ્ટકનું સ્વરૂપ, આવર્ત કોષ્ટકમા Z >100 તત્ત્વો નું IUPAC નામકરણ, તત્ત્વો નું ઇલેક્ટ્રોનિક સંરચના અને આવર્ત કોષ્ટક. તત્ત્વો ના પ્રકાર: s, p, d અને f બ્લોકના તત્ત્વો , ગુણધર્મોમાં આવર્તનીયતા; આયનીકરણ ઊર્જા, ઇલેક્ટ્રોન એફિનિટી, અણુત્રિજ્યા, સંયોજકતા.

8 **એક્ટિનોઇડ્સ:-** **(૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

ઈલેક્ટ્રોન સંરચના, ઓક્સિડેશન સ્ટેટ્સ, ચુંબકીય ગુણધર્મો, એક્ટિનાઇડ આયનોનો રંગ અને શોષણ સ્પેક્ટ્રા, એક્ટિનાઇડ સંકોચન, ટ્રાન્સ યુરેનિક તત્ત્વો નું પરમાણુ સંશ્લેષણ, ચેઈન પ્રક્રિયા, યુરેનિયમનું મહત્ત્વ , લેન્થેનાઇડ સાથે સરખામણી

9 **નાઈટ્રોજનયુક્ત કાર્યાત્મક જૂથ ધરાવતા કાર્બનિક સંયોજનો:** **(૧૦ પ્રશ્નો, ૧૦ ગુણ)**

નાઇટ્રો સંયોજનો : નાઇટ્રો જૂથનું ઇલેક્ટ્રોનિક માળખું, નામકરણ, બનાવટની મહત્ત્વ પૂર્ણ પદ્ધતિ, ભૌતિક ગુણધર્મો અને રાસાયણિક પ્રક્રિયાઓ, એમાઈન સંયોજનો : પ્રાથમિક, દ્વિતીયક અને તૃતીયક એમાઈન્સ જૂથનું ઇલેક્ટ્રોનિક માળખું, નામકરણ, બનાવટની મહત્ત્વ ની પદ્ધતિ, ભૌતિક ગુણધર્મો, એમાઈનનું મૂળભૂત લક્ષણ, રાસાયણિક પ્રક્રિયાઓ, પ્રાથમિક, દ્વિતીયક અને તૃતીયક એમાઈન્સનું અલગીકરણ. ડાયઝોનિયમ સોલ્ટની બનાવટ અને બેન્ઝિન ડાયઝોનિયમ ક્લોરાઇડની રાસાયણિક પ્રક્રિયાઓ, કૃત્રિમ કાર્બનિક રસાયણશાસ્ત્રમાં ડાયઝોનિયમ સોલ્ટનું મહત્ત્વ .

10 **ફૉરેન્સિક વિજ્ઞાનના પાયાના સિદ્ધાંતો અને ફૉરેન્સિક વિજ્ઞાનનું મહત્ત્વ** **(૧૫ પ્રશ્નો, ૧૫ ગુણ)**

11 **જૈવરસાયણની વિશીષ્ટતા અને વ્યાપકતા:** **(૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

જૈવરસાયણ શું છે, જૈવરસાયણનો વિકાસ, જૈવરસાયણ અભિગમ શું છે, જૈવરસાયણનો અવકાશ, જૈવરસાયણની ઉપયોગિતા, જૈવરસાયણ અંગેનું સાહિત્ય.

12 **કાર્બોહાઈડ્રેટ્સ:** **(૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

વર્ગીકરણ, મોનોસેકરાઇડ, પેન્ટોઝ અને હેક્સોઝની રચનાઓ. એનોમેરિક કાર્બન, મ્યુટારોટેશન, ગ્લુકોઝની સરળ રાસાયણિક પ્રક્રિયાઓ,

**ડાયસેકેરાઇડ્સ** : રિડ્યુસિંગ અને નોનરિડ્યુસિંગ - સુક્રોઝ, માલ્ટોઝ અને લેક્ટોઝ, પોલિસેકરાઇડ્સ: સ્ટાર્ચ અને સેલ્યુલોઝની રચનાનો પ્રાથમિક ખ્યાલ.

13 **ધાતુઓ, એલોય અને કાટ:** **(૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

પરિચય, ધાતુઓના ભૌતિક ગુણધર્મો, એલોયની વ્યાખ્યા અને હેતુ, એલોયનું વર્ગીકરણ. એલોય સ્ટીલ અને તેના ઉપયોગો. નોન-ફેરસ એલોય અને તેના ઔદ્યોગિક ઉપયોગો. કાટનો પરિચય, કાટની થિયરી, કાટથી ધાતુઓનું રક્ષણ – કાર્બનિક અને અકાર્બનિક પદાર્થો, અવરોધકો, કેથોડિક સંરક્ષણ.

14 **સિમેન્ટ્સ:** **(૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

પરિચય, સિમેન્ટનુ વર્ગીકરણ અને ગુણધર્મો, સિમેન્ટની રાસાયણિક રચના, ધોરણો, પોર્ટલેન્ડ સિમેન્ટનું ઉત્પાદન, પોર્ટલેન્ડ સિમેન્ટના રાસાયણિક ઘટકો, સિમેન્ટનું સેટિંગ અને સખ્તાઈ, PCC અને RCC.

15 **પોલિમર :** **(૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

પોલિમરનું વર્ગીકરણ, પોલિમરાઈઝેશન એડિશન અને કન્ડેન્સેશનની સામાન્ય પદ્ધતિ, ફ્રી રેડિકલ, કેટાયનિક અને એનઆયોનિક પોલિમરાઈઝેશન, કોપોલિમરાઈઝેશન, કુદરતી રબર, રબરનું વલ્કેનાઈઝેશન, કૃત્રિમ રબર. (ફક્ત મોનોમરનાં ઉદાહરણો) કન્ડેન્સેશન પોલિમર, પોલિમરનું આણ્વીય દળ (ફક્ત હાઈ લાઇટનિંગ લેવલ ઓફ કોમ્પેલેક્સિટી), બાયો પોલિમર અને બાયોડિગ્રેડેબલ પોલિમર, કેટલાક ઔદ્યોગિક રીતે મહત્ત્વપૂર્ણ પોલિમર.

16 **દવાઓ અને બનાવટની વિશ્લેષણની મૂળભૂત બાબતો:** **(૧૫ પ્રશ્નો, ૧૫ ગુણ)**

વજન, સંતુલન, વિશ્લેષણનું મહત્ત્વ , ગુણવત્તા નિયંત્રણ (QC) અને ગુણવત્તા ખાતરી (QA), વિશ્લેષણાત્મક પદ્ધતિઓ (વર્ગીકરણ, વેલિડેશન પેરામીટર), રસાયણોની જરૂરિયાતો (પ્રકાર, શુદ્ધીકરણ, શુદ્ધતાની તપાસ), ગ્લાસવેર (પ્રકાર, કેલિબ્રેશન, સફાઈ), નમૂનો બનાવવાની રીત અને તેની ત્રુટિ ઘટાડવાની તકનિક, યુનિટ ઓફ કોન્સ્ટ્રેશન, એરર સાયન્સ અને એરર મિનિમાઈઝેશન

17 **જથ્થાત્મક વિશ્લેષણ ( ટાઈટ્રિમેટ્રિક વિશ્લેષણ ) :** **(૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

1. એસિડ-બેઝ અનુમાપન: અનુમાપનની સાપેક્ષ શક્તિ અને તેની અસર, સમાન આયન અસર, pH, હેન્ડરસનહેસેલબેક સમીકરણ, બફર, ન્યુટ્રલાઈઝેશન કર્વ, એસિડ બેઈઝ સૂચકાંકો, સૂચકાંકોનો સિદ્ધાંત, બેક ટાઈટ્રેશન, બાયફેઝિક ટાઈટ્રેશન, ફાર્માકોપિયલ એપ્લિકેશન્સ, ક્ષારનું જળવિભાજન, પાણીનાં આયનીય ઉત્પાદનો અને દળનો નિયમ.

2. રેડોક્સ અનુમાપન: રેડોક્સ અનુમાપનનો સિદ્ધાંત, રેડોક્સ સૂચકાંકો, રેડોક્સ અનુમાપનના પ્રકાર, આયોડોમેટ્રી, સેરિમેટ્રી, મર્ક્યુરી મેટ્રી, ડાયએઝોટાઇઝેશન નાઈટ્રાઈટ ટાઈટ્રેશન, 2,6-ડાયક્લોરોફિનોલ ઈન્ડોફિનોલ ટાઈટ્રેશન, ટાઈટ્રેશન દરમિયાન ટાઈટ્રેશન કર્વ તથા પોટેન્શિયલની ગણતરી.

3. આર્જેન્ટોમેટ્રિક અથવા અવક્ષેપન અનુમાપન: મોહર્સ, ફાજન્સ અને વોલ્હાર્ડ પદ્ધતિઓ

4. નોન એક્વિયસ અનુમાપન નોન એક્વિયસ દ્રાવક, ટાઇટ્રન્ટ અને સૂચકાંકો. દ્રાવકોનો તફાવત અને સ્તરીકરણ.

5. કોમ્પ્લેક્સમેટ્રિક ટાઈટ્રેશન્સ: અનુમાપનની થિયરી, દ્રાવ્ય, સૂચક અને ફાર્માકોપિયલ ઉપયોગિતા.

6. મિશેલિનિયસ અનુમાપન: કાર્લ-ફિશર ટાઈટ્રેશન, જેલ્ડહાળ પદ્ધતિ.

18 **ભારમાપક વિશ્લેષણ:** **(૦૫ પ્રશ્નો, ૦૫ ગુણ)**

સ્ટેબિલિટી, દ્રાવ્યતાનાં ઉત્પાદનો, અવક્ષેપનના પ્રકારો, અવક્ષેપનની તકનિકો, ફાર્માકોપોઇચલ એપ્લિકેશન્સ

19 ઉપર્યુક્ત ક્ષેત્રોમાં વર્તમાન પ્રવાહ અને તાજેતરની પ્રગતિઓ

**<u>ખાસ નોંધ:</u>**

(૧) Part-A ના પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં રહેશે.

(૨) Part-B માટે ભાષા નીચે મુજબ રહેશે.

(૧) ભારતનું બંધારણ અને વર્તમાન પ્રવાહોના પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં રહેશે.

(૨) ગુજરાતી કોમ્પ્રિહેન્શનના પ્રશ્નો માત્ર ગુજરાતી ભાષામાં રહેશે.

(૩) અંગ્રેજી કોમ્પ્રિહેન્શનના પ્રશ્નો માત્ર અંગ્રેજી ભાષામાં રહેશે.

(૪) શૈક્ષણિક લાયકાતને સંબંધિત વિષય અને તેની ઉપયોગિતાને લગતા પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં રહેશે.

(૩) સંબંધિત મુદ્દા (**Topic**) સામે દર્શાવેલા ગુણ સૂચિત ગુણ છે, મંડળ દ્વારા જરૂર જણાયે તેમાં ફેરફારને અવકાશ રહેલો છે. જે માટે મંડળ કોઈપણ જાતનું કારણ આપવા બંધાયેલું નથી.

(૪) અભ્યાસક્રમનું ગુજરાતી ભાષાંતર ઉમેદવારોની સમજણ માટે છે. ભાષાંતરના અર્થઘટન ના કિસ્સામાં અંગ્રેજી અભ્યાસક્રમમાં દર્શાવેલી બાબતો આખરી ગણવાની રહેશે.

(૫) પરીક્ષાના પ્રશ્નો ગુજરાતી અને અંગ્રેજી એમ બંન્ને ભાષામાં હોય ત્યારે તેવા પ્રશ્નોમાં જો અર્થઘટન અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે સંબંધે મંડળ દ્વારા સંબંધિત પ્રશ્નને ધ્યાને લઈ મંડળ દ્વારા કરવામાં આવેલો નિર્ણય આખરી રહેશે.

(૬ ) સ્પર્ધાત્મક પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કીની પ્રસિદ્ધિ બાદ સ્વૈચ્છિક રીતે/ મળેલ વાંધાઓને ધ્યાને લઈ ફાઈનલ આન્સર કી ની પ્રસિદ્ધિમાં કોઈ પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલા પ્રશ્નના ગુણની બાકી રહેલા પ્રશ્નના ગુણભારમાં પ્રો–રેટા (**Pro-Rata**) મુજબ ગણતરી કરવામાં આવશે અને ત્યારબાદ ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને પ્રો–રેટા મુજબ, જે ગુણભાર આપવામાં આવેલો હોય તેના 1/4 માર્ક ઉમેદવારે મેળવેલા ગુણમાંથી ઓછા કરવામાં આવશે.

(૭) જાહેરાત ક્રમાંક : ૨૪૧/૨૦૨૪૨૫ના અનુસંધાને તા.૨૮/૦૮/૨૦૨૪ના રોજ મંડળની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલી અન્ય સૂચનાઓ યથાવત્ રહેશે.

સ્પર્ધાત્મક પરીક્ષાની તારીખ અને કોલ લેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ, મંડળની વેબસાઈટ પર મૂકવામાં આવશે, જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

**સ્થળ: ગાંધીનગર** **સચિવ**
**તારીખ : ૦૮/૦૪/૨૦૨૫** **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**